635

સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોને
કોમર્શીયલ પાયલોટ લાયસન્સસ તાલીમ
માટે નાણાંકીય સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-સશપ-૧૪૦૬-ન.બા.-૧૯-અ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૧૦/૭/૦૭

**વંચાણે લીધાઃ-**

(૧)સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૦/૩/૯૯ નો ઠરાવ ક્રમાંક-૧૧૯૭/ન.બા.૫-અ

(૩)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સરખા ક્રમાંકના તા.૨૬/૩/૨૦૦૭ નો ઠરાવ

ઠ રા વ

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટ લાયસન્સ તાલીમ માટે લોન આપવાની યોજના અમલમાં છે. આમુખમાં ક્રમ(૧) સામે દર્શાવેલ તા.૨૦-૩-૯૯ ના ઠરાવની શરત નં.(૧૦) મુજબ હાલ આ લોન સરકાર કક્ષાએથી મંજૂર કરવાની જોગવાઈ છે. ઉકત શરતમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આમુખમા ક્રમ-(૧) સામે દર્શાવેલ તા.૨૦/૩/૯૯ ના ઠરાવની શરત નં.(૧૦) માં આથી નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

શરત નં.(૧૦): અરજદારે તેમની સંપૂર્ણ વિગતો અને પ્રમાણપત્રો સાથેની અરજી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય ગાંધીનગરને નિયત કરેલ બાંહેધરીપત્રક (Agreement) તથા જરૂરી જામીનખત સાથે મોકલી આપવાની રહેશે. નિયામકશ્રીએ અરજદારની અરજીની સંપૂર્ણપણે ચકાસણી કરીને નિયમોનુસાર મળવાપાત્ર લોન મંજુર કરવાની રહેશે.

ઉપર મુજબના સુધારા સિવાયની યોજનાના ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિનેશ પી.કાપડીયા)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
- માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
  નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે નાયબ નિયામકશ્રી (વિ.જા)
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (વિ.જા)
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
- તિજોરી અધિકારી ગાંધીનગર
- વિભાગની સર્વે શાખાઓ
- પસંદગી ફાઈલ

ગ-૪૭૫